ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૬ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૬ ટકા ● સાંજે ૧૫ ટકા

# લગ્નપ્રસંગોમાં પરંપરાગત લગ્નગીતો વિસરાયા

## લગ્નસરાની મોસમ ખીલી ઉઠી છે ત્યારે ડીજેને રિપ્લેસ કરતાં ઢોલ, શરણાઈ જેવા વાદ્યોની પસંદગી

ગાંધીનગર, તા.૧૭

શહેરમાં લગ્નસરાની મોસમ ચાલી રહી છે. ૧૪ એપ્રિલથી મીનારક ઉતર્યા બાદ ચારેકોર લગ્નોની ભરમાર ચાલી રહી છે. ડીજેના નાદે લગ્નોમાં શહેરીજનો થનગની રહ્યા છે. ત્યારે વર્ષો જૂની પરંપરા ચાલી આવી છે. જેમાં લગ્નગીતો ગવાતા હોય છે. દરેક સમાજના નાગરિકો પોતાના રિતીરિવાજોને ધ્યાનમાં રાખીને વર્ષોથી આ જૂની પરંપરાને હજી સુધી ચાલુ રાખવાનો ચોકકસપણે પ્રયાસ કરે છે પરંતુ મોટા ભાગે પ્રાચીન લગ્ન ગીતો ખોવાઈ રહ્યા હોય તેમ લાગી રહ્યુ છે. લગ્ન એ આપણો સૌથી મોટો તહેવાર છે. આ તહેવારની ઉજવણીમાં કોઈ કસર છોડવામાં આવતી નથી. બીજા કોઈ પણ પ્રસંગ કરતાં લગ્નપ્રસંગનુ મહત્વ અનેરું છે. જેમના ઘરમાં લગ્ન પ્રસંગ આવે તેઓની નસીબદાર છે એવું મનાય છે. લગ્ન પ્રસંગે જે ખુશીનો માહોલ સર્જાય છે તે પરણનારા વર કન્યાને તો જિંદગીભર યાદ રહે જ પણ તે લગ્નની વાતો લગ્ન પ્રસંગમાં સામેલ થતાં નાના-મોટા સૌની સ્મૃતિમાં પણ વર્ષોના વર્ષો સુધી જડાઈ રહે છે. ગીત-સંગીત અને ફટાણા લગ્ન પ્રસંગને ઓર મજેદાર બનાવે છે.




ગણેશ સ્થાપના, લગ્ન લખતી વખતે, માણેક સ્તંભ રોપતી વખતે, મંડપ મૂરત, પીઠી વખતે, મહેંદી વખતે, જાન પ્રસ્થાન, પોંખણા વખતે, ચૂંદડી ઓઢાડતી વખતે, મામેરા વખતે, કન્યાની પધરામણી વખતે, માંડવામાં ગાવાનું ફટાણું, હસ્ત મેળાપ વખતે, કન્યા વિદાય વખતે વિવિધ ગીતો ગવાતા હોય છે પરંતુ નવા નવા ટ્રેન્ડ વધતા ગયા અને આ લગ્નગીતોને રીપ્લેસ કરવામાં આવી રહ્યા છે. જેમાં ફિલ્મી ગીતો અને આલ્બમ સોંગ વગાડવામાં આવે છે. આ ઉપરાંત સંગીત સંધ્યામાં ગ્રુપ ડાન્સ કરવાનો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. નવા નવા ટ્રેન્ડ મુજબ લગ્નપ્રસંગો યોજાઈ રહ્યા છે. જો કે અમુક શહેરીજનો હજી પણ પોતાના જૂના અને પરંપરાગત રીતીરિવાજો મુજબ સુંદર રીતે લગ્નગીતોની મજા સાથે લગ્ન પ્રસંગો યોજવામાં આવી રહ્યા છે. એટલે કે નવા ટ્રેન્ડ સાથે પણ જૂના લગ્નગીતો ગાઈને લગ્નપ્રસંગો ઉત્સાહપૂર્વક યોજાઈ રહ્યા છે.

સંગીત સંધ્યામાં પણ નવા નવા ટ્રેન્ડ જોવા મળી રહ્યા છે. વિવિધ થીમ મુજબ પરીવારના સભ્યો દ્વારા પર્ફોમન્સ કરવામાં આવે છે. પહેલાના જમાનામાં દસ દસ દિવસો સુધી લગ્નપ્રસંગ ચાલતા હતા જેમાં લગ્નગીતોની ભરમાર હતી જયારે વર્તમાન સમયમાં માત્ર બે દિવસમાં લગ્નપ્રસંગ સમેટાઈ જાય છે. આમ બદલાતી જતી પરંપરાઓ આ લગ્નસરામાં પણ જોવા મળી રહી છે.



સેકટર-૩ ન્યુમાં રેખાબેન દિલીપકુમાર વૈષ્ણવના નિવાસસ્થાને ૧૬ એપ્રિલે સાંજે હનુમાન જયંતિના દિવસે તેમના માતાજી જયોષના બાના મોક્ષાર્થે રામચરિત સુંદરકાંડના પાઠ વંદના સૌ ભકતજનોએ ભેગા મળી કર્યુ હતું. જેમાં સૌએ આધ્યાત્મિક લાભ લીધો હતો.

## શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા દ્વારા કલોલ ખાતે બેઠક યોજાઈ




ગાંધીનગર, તા. ૧૭

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ રાજ્યકક્ષા દ્વારા પરશુરામ આશ્રમ, ચાંદરડા, કલોલ ખાતે બેઠક યોજાઈ હતી. આ પ્રસંગે શ્રી સમસ્ત બ્રહ્મસમાજ રાજ્ય કક્ષાના હોદ્દેદારો તથા વિશેષ આમંત્રિત સભ્યો ઉપસ્થિત રહી કલોલ તાલુકાના નવનિયુક્ત હોદ્દેદારોને નિમણૂક પત્ર આપવામાં આવ્યા હતા. આ બેઠકમાં આગામી ભગવાન શ્રી પરશુરામ ની શોભાયાત્રા ની ચર્ચા વિચારણા પણ કરવામાં આવી હતી.

## જે. એમ. ચૌધરીની વિદ્યાર્થીનીઓનો ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ



જિલ્લાકક્ષાનો સ્પેશ્યલ ખેલ મહાકુંભ તારીખ ૧૭ એપ્રિલે સેકટર-૧૫ સાઇ ખાતે યોજાયો હતો. જેમાં જે. એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયની ચૌધરી રિયા ૧૦૦- મીટર દોડમાં-તૃતીય નંબર અને ગોળા ફેંકમાં -પ્રથમ નંબર, પરમાર શ્રેયા બરછી ફેકમાં તૃતીય અને ગોળાફેકમાં તૃતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. જેમને શાળાના આચાર્યબેન રમીલાબેન એસ ચૌધરી તેમજ સમગ્ર શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.

## સાંઈ ખાતે સ્પે. ખેલમહાકુંભ ૨૦૨૨ની દિવ્યાંગ સ્પર્ધા યોજાઈ




સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા સેકટર-૧૫ ખાતે 'આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત' અને જિલ્લા રમત ગમત અધિકારીની કચેરી, ગાંધીનગર તથા નવસર્જન દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી સ્પે-ખેલમહાકુંભ-૨૦૨૨ની દિવ્યાંગ (OH) જિલ્લાકક્ષાની સ્પર્ધા યોજાઈ હતી.જેમાં ઉદઘાટન કાર્યક્રમના અધ્યક્ષ પ્રણવ પટેલ (પૂર્વ, કોર્પોરેટર) તેમજ મુખ્ય મહેમાન ધર્મેન્દ્રસિંહ વાઘેલા, (મહામંત્રી, ગાંધીનગર મહાનગર, ભાજપા) કૃતિક ભટ્ટ, યુવા મોરચો ગુજરાત પ્રદેશ મીડિયા સેલના કન્વીનર, વિરલભાઈ પટેલ યુવા મોરચો ગુજરાત પ્રદેશ કાર્યાલય વ્યવસ્થા ટીમના સભ્ય, મહેશ ચૌધરી (DSO, ગાંધીનગર) જીતુભાઈ પટેલ (PYDO) તેમજ અજીત ડોડિયા સ્પર્ધા ના કન્વીનરને અન્ય તેમજ વ્યાયામ શિક્ષક, એસોસિયેશનના હોદેદારો તેમજ વાલીઓ,ખેલાડીઓની ઉપસ્થિતિમાં સ્પે-ખેલમહાકુંભ (OH) સ્પર્ધા ખુલ્લી મૂકી ખેલાડીઓને પ્રોત્સાહિત કરી સૌ ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.



નવ યુવાનોના સર્વાંગી વિકાસ માટે ઉમા ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન જે.એસ. પટેલ સ્પોર્ટસ કલબ કોબા ખાતે કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટમાં વિજેતા બનેલી ટીમને મેયર હિતેશ મકવાણા અને ડેપ્યુટી મયેર પ્રેમલસિંહ ગોલના હસ્તે ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

# યોગ્ય ટેકનિકથી શીખવાડાય તો ગણિત કોયડો નહીં 'કળા' બની જાય...!!

## સામાજિક જનજીવનમાં 'ગણિત'ને સરળતાથી સમજાવવા-શીખવાડવા ઓએનજીસીના પદાધિકારીએ પાંચ વર્ષ વહેલી નિવૃત્તિ લઈને સ્ટાર્ટ અપ શરૂ કર્યું : દસ વર્ષની મહેનતથી ગણિત 'સરળ' બનાવવા ખાસ ટેકનિક વિકસાવી : ગુજરાત સરકાર તથા શૈક્ષણિક સંસ્થાઓ સાથે મળીને ૬૦થી વધુ નિઃશુલ્ક વર્કશોપ્સ યોજી ચુકયા છે

ગાંધીનગર, તા.૧૭

પ્રાચીન યુગમાં ભારતીય ગણિતશાસ્ત્રી આર્યભટ્ટે 'શૂન્ય'ની શોધ કરી તે પછી વિશ્વમાં ગણિતનો વિકાસ થયો તે આપણે સૌ જાણીએ છીએ. આમ છતાં, અત્યારે આપણી શાળાઓમાં બાળકોને શીખવામાં અઘરો લાગતો કોઈ વિષય હોય તો તે 'ગણિત' છે. માત્ર બાળકો જ નહીં પરંતુ અનેક સરકારી-બિનસરકારી, ખાનગી સંસ્થાઓ-વિભાગોના અધિકારીઓથી માંડીને તજજ્ઞોને પણ ગાણિતિક કોયડા મુંઝવણમાં મુકી દેતાં હોય છે. જો કે ગુજરાત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ટેકનિકલ એજયુકેશન-ડીટીઈ સહિત ગાંધીનગરની યુનિવર્સિટીઓ-સંસ્થાઓ સાથે મળીને એક ગણિતજ્ઞ ગણિતને સરળતાથી સમજવાનું શીખવાડી રહ્યા છે. ચંચલ દાસ નામના આ ગણિતપ્રેમી 'વડીલે' આ કાર્ય માટે પોતાની ઓએનજીસીની આસિસ્ટન્ટ ડયરેકટર તરીકેની કારકિર્દીને પાંચ વર્ષ વહેલી સમપ્ત કરી દીધી છે અને તેમણે વર્ષોના અનુભવ તથા મહેનતને આધારે તૈયાર કરેલી ખાસ ટેકનીકને શીખવાડવા 'સ્ટાર્ટઅપ' લોન્ચ કર્યુ છે જેના થકી તેઓ અત્યાર સુધીમાં ૬૦થી વધુ નિઃશુલ્ક વર્કશોપ્સ યોજી ચુકયાં છે.

ભારતના પૂર્વ છેડાના પશ્ચિમ બંગાળ રાજયના દુર્ગાપુર પાસેના ઓનુરાગપુર ગામના વતની ભવેશચંદ્ર જેઓ ભારતીય સેનામાં સુબેદાર મેજર હતા અને તેમના ધર્મપત્નિ નલીનીબાલાના પાંચ સંતાનો પૈકી ત્રીજા નંબરના સંતાન 'ચંચલ દાસ'નો જન્મ પિતાની બદલીવાળી નોકરીના પગલે બેંગ્લોરમાં થયો હતો. પિતાની વારંવાર થતી બદલીના કારણે તેનું પ્રાથમિક શિક્ષણ ખૂબ અસ્તવ્યસ્ત રહેવા પામ્યું હતું તેવા ચંચલદાસને બાળપણથી જ ગણિતમાં વિશેષ રૂચ હતી પરંતુ તેમને શાળાના શિક્ષકો પાસેથી તે યોગ્ય રીતે




શીખવા મળ્યું નહોતું તેવું તેમનું કહેવું છે. જો કે શાળાકીય અભ્યાસ બાદ ઈન્સ્ટિટયુટ ઓફ એન્જિનીયર્સમાંથી સ્નાતક ડિગ્રી મેળવ્યા પછી એનઆઈટી દુર્ગાપુરમાંથી પોસ્ટ ગ્રેજયુએશન ડિપ્લોમાં કર્યો હતો. આ પછી તેમણે ઈન્દિરા ગાંધી ઓપન યુનિવર્સિટીમાંથી ફાઈનાન્સ એમબીએ કર્યા બાદ હિન્દુસ્તાન ફર્ટિલાઈઝર કંપનીમાં નોકરી પ્રાપ્ત કરી હતી. જો કે થોડા સમય પછી તેમને ભારતની નવરત્ન કંપની ઓનએનજીસીમાં અમદાવાદ ખાતે 'રિઝોર્વર' વિભાગમાં નોકરી મળી જયાં તેમનું કાર્ય ઓઈલના ભુગર્ભ ભંડારમાં કાચા તેલનો કેટલો જથ્થો મળશે તેવો કયાસ કાઢવાનું હતું જેમાં તેમને ગણિત પર મોટો આધાર રાખવો પડતો હતો. આ નોકરીમાં આસિસ્ટન્ટ ડાયરેકટર કક્ષાએ તેઓ પહોંચ્યાં ત્યાં સુધીમાં તેમને સતત દેશની ગરીબી, ઘર વિહોણાં પરિવારો, પર્યાવરણીય સમસ્યાઓ વગેરે સહિત અનેક સામાજિક પ્રશ્નો પર સંશોધન કરવાની જરૂરીયાત જણાઈ હતી. આ કારણે તેમણે પોતાની નિવૃત્તિના પાંચ વર્ષ પૂર્વે જ સ્વૈચ્છિક નિવૃત્તિનો વિકલ્પ અપનાવી નોકરી છોડી દીધી અને સમાજના પ્રશ્નો અંગે અભ્યાસ શરૂ કર્યો હતો. આ અભ્યાસ દરમિયાન તેમને સમજાયું કે 'બાળકોને તેમના અભ્યાસમાં ગણિત શીખવામાં ખૂબ મુશ્કેલી નડી રહી છે. જેના કારણે તેમનો થવો જોઈએ તે મુજબ શૈક્ષણિક વિકાસ થતો નથી.' આ કારણે તેમણે ગણિતને સરળ બનાવવાનું નક્કી કર્યું અને આશરે દસેક વર્ષની મહેનતના અંતે કેટલીક એવી પધ્ધતિઓ વિકસાવી જેના વડે ગણિતને સમજવું ખૂબ જ સરળ બની જાય અને આ પધ્ધતિઓ કોઈ પણ વયની વ્યકિત શીખી શકે. પોતાની આ ટેકનિકને તેમણે 'દાસમેથ' નામ આપ્યું અને તેમની ધર્મપત્ની બેલાદાસની મદદથી તેમણે અમદાવાદમાં જ 'દાસ સાયન્ટિફિક રીસર્ચ લેબ પ્રા. લિ.' નામની કંપની શરૂ કરીને સ્ટાર્ટઅપ અંતર્ગત 'દાસ એસઆરએલ'નું રજીસ્ટ્રેશન કરાવ્યું છે.




'દાસમેથ' પધ્ધતિમાં ચંચલ દાસે મોડેલ અને એનિમેશન આધારિત ટુલ્સ વિકસાવ્યા છે જેમાં માત્ર આઠ દસ ટુલ્સ જ શીખીને કોઈ પણ વ્યકિત ગણિતના અઘરાં કોયડાં પણ ખૂબ સરળતાથી ઉકેલી શકે એટલું જ નહીં પરંતુ તેના આધારે પોતાના ક્ષેત્રમાં તેનો અસરકારક ઉપયોગ પણ કરી શકે છે. ચંચલદાસનું કહેવું છે કે તેમની ટેકનિકથી વ્યકિત જાતે 'સેલ્ફ લર્નિંગ' અને 'સેલ્ફ ડિસ્કવરી'ની કક્ષાએ પહોંચી જાય છે અને ગણિત તો દરિયો છે જેમાં આ ટેકનિકના આધારે પોતાને જેટલું ખેડાણ કરવું હોય તેટલું જાતે જ કરી શકે છે. અગાઉ ગણિત વિષયે ચાર પુસ્તકો પ્રકાશિત કરી ચુકયા પછી અત્યારે પાંચમું પુસ્તક લખી રહેલા ચંચલ દાસનું માનવું છે કે અત્યાર સુધી આપણે ગણિત શીખવા માટે શિક્ષકો અને પાઠય પુસ્તકોના આધારે રહ્યા છીએ પરંતુ હવે આપણે મોડેલીગ અને એનિમેશનની મદદથી તેને ખૂબ સરળતાથી સમજી શકવા સમર્થ છીએ. હવે બાળકોને ગણિત શીખવા માનસિક ત્રાસથી ગુજરવું નહીં પડે. જેમ એક ચિત્રકાર તેને કેન્વાસ, બ્રશ અને રંગ વગેરે મળે પછી જ પોતાની કલ્પના અનુસાર ચિત્ર દોરી શકે તેમ બાળકને ગણિતના પ્રાથમિક ઉપયોગની ટેકનિક મળી જાય પછી તેના જરૂરી સોલ્યુશન્સ તેની જાતે જ શોધી લેશે કેમ કે ગણિત પણ એક કળા છે.

ચંચલદાસે પોતાના સ્ટાર્ટઅપના આધારે 'દાસમેથ' શીખવવા ગુજરાત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ ટેકનિકલ એજયુકેશન -ડીટીઈ ઉપરાંત ગાંધીનગરની પંડિત દિનદયાળ એનર્જી યુનિ.-પીડીઈયુ અને શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી સાથે એમઓયુ કર્યા છે. ભાટ ખાતેની એસએસઆઈટી સંસ્થાએ તો તેમને 'મેથલેબ' બનાવવા માટે વિના મૂલ્યે એક મોટો હોલ જરૂરી ફર્નિચર સાથે આપ્યો છે જયાં ચંચલ દાસે અનેક પુસ્તકો, ચાર્ટ તથા મોડેલ્સથી 'મેથલેબ' બનાવી છે જેના સહારે કોઈ પણ વિદ્યાર્થી ગણિતને સરળતાથી શીખી શકે છે.

કોઈપણ કોયડાને અસંખ્ય ઉદાહરણો સાથે સમજાવી શકતા ચંચલદાસે પોતે ટેકનિક વિકસાવતા પહેલા ૨૧ દેશોમાં વિવિધ સેમિનાર-વર્કશોપ્સમાં ભાગ લઈ ચુકયા હતા અને અત્યારે ગુજરાતના ગણિતના શિક્ષકોથી માંડીને વિદ્યાર્થીઓ તથા મોટી સંસ્થાઓ કંપનીઓના અધિકારીઓ તેમજ સરકારી-બિનસરકારી એન્જિનીયર્સ વગેરેને પણ તેમની ટેકનિક શીખવાડવા વર્કશોપ્સ યોજી રહ્યા છે તેઓ બાંગ્લાદેશ નેપાળના તજજ્ઞોને પણ તાલીમ આપી ચુકયા છે અને ગુજરાત સહિત દેશની અનેક યુનિવર્સિટીઝ અને આઈઆઈટીમાં તેમના તાલીમ કાર્યક્રમ યોજાઈ રહ્યાં છે. આ ઉપરાંત તેઓ આઈઆઈટી મુંબઈની દર બે વર્ષે યોજાતી 'ટાઈમ' કોન્ફરન્સમાં પોતાના માતા પિતાના નામે બે એવોર્ડ એનાયત કરે છે. ચંચલદાસનો ઉદ્દેશ પ્રાચીન કાળની જેમ ફરી વિશ્વભરના જિજ્ઞાસુઓ ગણિત શીખવા ભારતમાં આવે તેવી સ્થિતિ લાવવાનો છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com

## જન્મદિને વધામણી




હસમુખ મેકવાન
નાટ્યકાર
મો. ૯૪૨૬૫ ૭૮૩૨૬



કે કે ચૌહાણ
મો. ૯૯૭૪૬ ૮૯૧૮૪



મહેન્દ્રભાઈ કે ચૌહાણ
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ



હેત ભડાસીયા



મૌલિકકુમાર કાળાજી લટા

## મહાવીર જન્મ કલ્યાણકની શાનદાર ઉજવણી

ગાંધીનગર, તા.૧૭

સેકટર-૨૨ સ્થાનકવાસી જૈન સંઘમાં આયમબીલ ઓળી અને ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. લીંબડી ગોપાલ સંપ્રદાયના ભોળયાનાથ ભગવાન પૂ. રામજી મુનિ મ.સા.ના અખંડ ગુરુભકત પૂ.રામ ઉત્તમ મુનિ મ.સા.ના સુશિષ્ય પૂજય દીપ મુનિ મસા અને પૂજય દિવ્ય મુની મ.સા.ના મંગલ સાંનિધ્યમાં ચૈત્રી ઓળી અને ભગવાન મહાવીર જન્મ કલ્યાણકની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. બંને સંતો સહિત કુલ ૩૫ આખી ઓળીની આરાધના થઈ હતી. દરરોજ વ્યાખ્યાન બાદ પાંચ સભ્યો તરફથી રૂ.૨૫ની પ્રભાવના થઈ. પારણાની ઉછામણી દ્વારા જૈન શાળા માટે રૂ.એક લાખથી વધુ રકમ એકત્ર થઈ. ભગવાન મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે શ્રી સુરેશભાઈ ચોરડિયા પરીવારના સૌજન્યથી શ્રીસંઘ સ્વામી વાત્સલ્ય પણ યોજવામાં આવ્યો હતો. આખી ઓળીના તપસ્વીઓના પારણા સ્વ. ચંદુલાલ એમ. કોઠારીના સ્મરણાર્થે કોઠારી પરીવારના સૌજન્યથી યોજવામાં આવેલ અને આખી ઓળી કરનાર તપસ્વીઓને રૂ.૧૮૦૦ રોકડા તથા સાકરના પડા આપી બહુમાન કરવામાં આવ્યું હતું. પીરસવાની સેવા આપનાર ૭ વ્યકિતઓનું પણ બહુમાન કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. પ્રજાપતિ ઘનશ્યામભાઈ ચીમનભાઈ, ઉ.વ. ૪૨, સે-૨૪
- સ્વ. સુથાર રમીલાબેન નટવરભાઈ, ઉ.વ. ૭૦, નાદરી, માણસા
- સ્વ. ઠાકોર પુજાબેન અરજણજી, ઉ.વ. ૧૬, પીપળજ (બાપુપુરા)
- સ્વ. શુકલ વસુમતીબેન હરીપ્રસાદ, ઉ.વ. ૮૨, સે-૩૦